કાળા નાણાના મુદ્દે વૈશ્વિક સહકાર જરૂરી

બ્રિસ્બેન, તા.૧૬

વિદેશોમાંથી કાળા નાણાને પરત લાવવાના ભારતના પ્રયાસો વચ્ચે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટેક્સ ચોરી કરનાર લોકોને આશરો આપી રહેલા દેશો સહિત દરેક દેશને કરારમાં આપવામાં આવેલી કટિબદ્ધતા મુજબ ટેક્સ સંબંધિત ઉદ્દેશ્યો માટે માહિતી ઉપલબ્ધ કરાવવા માટે અપીલ કરી હતી. કાળા નાણાના મુદ્દાને જોરદારરીતે ઉઠાવતા મોદીએ ૨૦ ઔદ્યોગિક અને પ્રમુખ ઉભરતા અર્થતંત્રવાળા દેશોને આ પડકારમાંથી બહાર નિકળવા વૈશ્વિકરીતે સહકાર કરવાની અપીલ કરી હતી. ટેક્સ સંબંધિત સુચનાઓના આદાન-પ્રદાનની તેઓએ વાત કરી હતી. નવા વૈશ્વિક ધારાધોરણ ઉપર ભારત સંપૂર્ણપણે સમર્થન કરે છે તેવી વાત કરતા મોદીએ કહ્યું હતું કે, વિદેશમાં કાળા નાણાના સંદર્ભમાં માહિતી હાંસલ કરવા અને તેમને પરત લાવવામાં આ માપદંડ ઉપયોગી સાબિત થશે. તેમણે ટેક્સ નીતિ અને ટેક્સેસન વહીવટીતંત્રમાં પારસ્પરિક સહાયતા અને સૂચનાઓની આપલેને સરળ બનાવવા સંબંધિત તમામ પાસાઓ ઉપર ભારત સમર્થન આપે છે તેવી વાત કરી હતી. વડાપ્રધાન મોદીએ બ્રિસ્બેન પ્રદર્શની અને સમિટ કેન્દ્રમાં આયોજિત જી-૨૦ શિખર બેઠકના બીજા અને છેલ્લા દિવસે ડિલિવરિંગ ગ્લોબલ ઇકોનોમિક રિલિજિયન્સ વિષય ઉપર સંપૂર્ણ સત્ર દરમિયાન આ વાત કરી હતી. મોદીએ એવી આશા વ્યક્ત કરી હતી કે, બેઝ ઇરોઝન એન્ડ પ્રોફિટ શેયરિંગ વ્યવસ્થા વિકાસશીલ અને વિકસિત અર્થતંત્રની ચિંતાઓને દૂર કરશે. આનો હેતુ ખુબ જ મહત્વપૂર્ણ રહેલો છે. સામાન્યરીતે બીઇપીએસ ટ્રાન્સફર પ્રાઇઝિંગ તરીકે ઓળખવામાં આવે છે જે હેઠળ કંપનીઓ ટેક્સ નિયમોમાં ખામીનો ઉપયોગ કરીને પોતાના લાભ ઘટાડવા અથવા ટેક્સ ન લાગે તેવા દેશોમાં રકમ ખસેડી લે છે. આનાથી એવા દેશોને નુકસાન થાય છે જે મોટા ભાગે કંપની ટેક્સ ઉપર આધારિત રહે છે. આ શબ્દનો ઉપયોગ ઓઇસીડીનું નેતૃત્વ કરનાર એક પ્રોજેક્ટમાં કરવામાં આવ્યો છે. આમા દુનિયાના મોટા દેશ કંપની ટેક્સ સાથે સંબંધિત નિયમોમાં ફેરફાર કરી રહી છે. સમસ્યાને દૂર કરવાના પ્રયાસ થઇ રહ્યા છે. મોદીએ વિશ્વ સમુદાયને સંયુક્ત નિર્ણય કરવા અપીલ કરી હતી. મોદીએ એમ પણ કહ્યું હતું કે, મોટા અર્થતંત્ર વચ્ચે નીતિગત સહકારની જરૂરિયાત ઉભી થઇ છે. મોદીએ કહ્યું હતું કે, માત્ર કાળા નાણાના પડકારને પહોંચી વળવા જ નહીં બલ્કે આતંકવાદ, માદક દ્રવ્યોની હેરાફેરી અને હથિયારોની દાણચોરી જેવા સુરક્ષા મુદ્દાઓને પહોંચી વળવા નજીકના સહકાર જરૂરી છે. વિશ્વમાં નાણાંકીય વ્યવસ્થામાં ઉદાસીનતાનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, સાયબર સુરક્ષા ઉપર પણ આ બાબત મહત્વની છે. મોદીએ જી-૨૦માં ક્લિન ઉર્જા સંશોધન, વિકાસ માટે ગ્લોબલ વર્ચુવલ સેન્ટર જેવી વાત કરી હતી.

ગાંધીજીની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું

બ્રિસ્બેન, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બેનમાં મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું અને કહ્યું હતું કે, તેઓ હંમેશાથી ગાંધીજીની વિચારધારાથી પ્રભાવિત રહ્યા છે અને તેમાં વિશ્વાસ પણ કરતા રહ્યા છે. પ્રતિમાના અનાવરણ પ્રસંગે આયોજિત કાર્યક્રમને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, ભારતમાં હાલ એવી ચર્ચા ચાલી રહી છે કે, વડાપ્રધાન બની ગયા બાદ મોદી ગાંધીજીનો મુદ્દો ઉઠાવી રહ્યા છે પરંતુ હકીકતમાં એવું નથી. ગુજરાતના મુખ્યમંત્રી બન્યા તે પહેલા પણ તેઓ ગાંધીજીના વિચારમાં સંપૂર્ણ આસ્થા ધરાવતા હતા. જી-૨૦ શિખર બેઠકમાં ભાગ લીધા બાદ મોદી ઓસ્ટ્રેલિયાના પ્રવાસ ઉપર છે. મોદીએ કહ્યું હતું કે, મહાત્મા ગાંધી કુદરતી સૌંદર્યને પસંદ કરતા હતા. પ્રકૃતિને નુકસાન પહોંચાડવામાં આવે તેમ તેઓ પસંદ કરતા ન હતા જ્યારે તેઓ સાબરમતી આશ્રમમાં રહેતા હતા અને સાબરમતી નદીમાં પુષ્કળ પાણી હતી ત્યારે પણ લોકોને કહેતા હતા કે, પાણીને નુકસાન કરવામાં ન આવે, પાણીનું જતન કરવામાં આવે. ગાંધીજીએ લોકોને અહિંસાનો માર્ગ બતાવ્યો હતો. તેઓ પોતાના કાર્યોમાં જ નહીં બલ્કે અન્ય રીતે પણ અહિંસક હતા. જો આજે દુનિયા ગાંધીજીના બતાવેલા માર્ગ ઉપર ચાલે છે તો ઘણી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

ભાષણમાં મોદીએ કહ્યું હતું કે, માનવ કલ્યાણ માટે દુનિયાના તમામ દેશોને એક સાથે મળીને આગળ વધવાની જરૂર છે. એક સાથે આગળ વધીને જ વિવિધ સમસ્યાઓને ઉકેલી શકાય છે. મોદી ભારતીય સમુદાયના લોકોને પણ મળ્યા હતા અને તેમની સાથે વાતચીત કરી હતી.

ઓનર કિલિંગ : ૨૧ રાજ્યો મોદી સરકારની સાથે જોડાયા

નવીદિલ્હી, તા. ૧૬

પંજાબ, હરિયાણા અને ઉત્તરપ્રદેશ આખરે દેશના ૧૮ અન્ય રાજ્યોની સાથે ઓનર કિલિંગની સામે સખ્ત કાયદો લાવવાની તરફેણમાં દેખાઇ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે પહેલા આ ત્રણેય રાજ્યોએ આ કાયદાનો વિરોધ કરી રહ્યા હતા. હવે જો કાયદો બને છે તો જાતિ અને સમુદાય આધારિત એવા સંગઠન પર અંકુશ મુકવામાં આવશે જે પરંપરાના સંરક્ષણ બનીને અદાલતની જેમ ચુકાદા આપી રહ્યા છે. સુપ્રીમ કોર્ટમાં સોંપવામાં આવેલી એફિડેવિટમાં કેન્દ્રિય કાયદા મંત્રાલય દ્વારા લખવામાં આવ્યું છે કે ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, આંધ્રપ્રદેશ, આસામ, છત્તિસગઢ, ગોવા, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, કેરળ, મેઘાલસ, મિઝોરમ, નાગાલેન્ડ, ઓરિસ્સા, રાજસ્થાન અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોએ પ્રોબિશન ઓફ ઇન્ટરફેયરેન્સ વીથ ધ ફ્રીડમ ઓફ મેટ્રેલિનિલય અલાયન્સ બિલને સમર્થન આપ્યું છે. ચંદીગઢ, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ, લક્ષ્ય દીપ અને પોન્ડીચેરી પણ આ બિલની તરફેણમાં છે.

હરિયાણા, પંજાબ અને ઉત્તરપ્રદેશમાં સેક્સ રેશિયોની સ્થિતી ખુબ ખરાબ છે અને લિંગના આધાર પર ભેદભાવના મામલા પણ અહીંથી જ વધારે આવે છે. આ રાજ્યો ઓનર કિલિંગના બિલ પર સમર્થન કરે તે મહત્વપૂર્ણ છે. કારણ કે શક્તિશાળી ખાપ પંચાયતનાકારણે જ અહીંના રાજનેતા આ બિલને લઇને શંકાની સ્થિતીમાં હતા. આ ત્રણેય રાજ્યોએ અગાઉ ઓનર કિલિંગની સામે કેન્દ્રની દરખાસ્તનો વિરોધ કર્યો હતો. આ રાજ્યોના નેતા અગાઉની યુપીએ સરકાર દ્વારા આ મામલે બનાવવામાં આવેલા પ્રધાનોના ગ્રુપને મળવાનો પણ ઇન્કાર કર્યો હતો. સુચિત બિલને વર્ષ ૨૦૧૨માં લો કમીશન દ્વારા મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો હતો. આ મુસદ્દા હેઠળ જાતિ આધારિત પંચાયતો દ્વારા આંતરજાતિય અથવા તો બીજા ધર્મમાં લગ્ન કરવાના મામલે દરમિયાનગીરી પર રોકની વાત કરવામાં આવી હતી. ખાપ પંચાયતો દ્વારા એક જ જાતિમાં લગ્ન કરવાની સ્થિતીમાં યુવાનોનો બહિષ્કાર કરવા , ત્રાસ આપવા અને મારી નાંખવાની બાબત પણ સપાટી પર આવી હતી. જેના પરિણામસ્વરૂપે લો કમીશને પંચાયતોની દરમિયાનગીરીને રોકવા ભલામણ કરી હતી. પેનલે કેટલાક સુચનો કર્યા હતા જે એક સુચન એ હતું કે જો કોઇ આ રીતે ગેરકાયદે પંચાયત લગાવીને બેસે છે તો છ મહિનાથી લઇને એક વર્ષ સુધી સજા કરવામાં આવશે અને ૧૦ હજાર રૂપિયોનો દંડ કરવામાં આવશે. કપલને અથવા તો તેમના પરિવારને ધાક ધમકી આપવાના મામલે પણ કઠોર કાર્યવાહી કરવામાં આવશે.

કલમ ૩૭૦ને દૂર કરવાની વાત ભાજપે હજુ કરી નથી

નવી દિલ્હી,તા. ૧૬

કલમ ૩૭૦ને લઇને ભારે હોબાળો ફરીએકવાર મચી ગયો છે. આ ભારે હોબાળા વચ્ચે ભાજપે કહ્યું છે કે, કલમ ૩૭૦ને દૂર કરવાની વાત તેઓએ ક્યારે પણ કરી નથી. ભાજપે કહ્યું છે કે, કલમ ૩૭૦ને લઇને બિનજરૂરી માહિતી ફેલાવવામાં આવી રહી છે. કેન્દ્રીય વિદેશ રાજ્યમંત્રી જનરલ વીકે સિંહે કહ્યું છે કે, સરકારે ક્યારે પણ કલમ ૩૭૦ને દૂર કરવાની વાત કરી નથી. અહેવાલોને ખોટીરીતે રજૂ કરવામાં આવી રહ્યા છે. કલમ ૩૭૦ને લઇને ભાજપ ખુબ જ ગંભીર છે. તમામ લોકો સાથે વાતચીત કર્યા બાદ જ આ દિશામાં આગળ વધવામાં આવશે. બીજી બાજુ જમ્મુ કાશમીરમાં વિધાનસભાની ચૂંટણીને લઇને જોરદાર વિવાદ કલમને લઇને છેડાઇ ગયો છે. નેશનલ કોન્ફરન્સ અને અન્ય રાજકીય પક્ષો દ્વારા હોબાળો મચાવી દેવામાં આવ્યો છે. વિધાનસભાની ચૂંટણીમાં પોતાની સ્થિતિને મજબૂત કરવા માટે તમામ પક્ષો સંવેદનશીલ મુદ્દા ઉઠાવી રહ્યા છે ત્યારે ભાજપે પણ રક્ષાત્મક રમત રમી છે. જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ ઉપર ફરી વિચારણા કરવાની વાત ભાજપ કરે છે પરંતુ આને દૂર કરવા અથવા તો આમા ફેરફાર કરવાની વાત ભાજપે કરી નથી. વીકે સિંહનું નિવેદન ભાજપના નિવેદન કરતા અલગ છે. ભાજપ આ વર્ષે સામાન્ય ચૂંટણીમાં પોતાના ઘોષણાપત્રમાં કહી ચુક્યો છે કે, તે કલમ ૩૭૦ને દૂર કરવા માટે કટિબદ્ધ છે. જમ્મુ કાશ્મીરમાં આ મહિનામાં જ વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. ભાજપ વરિષ્ઠ નેતાઓ કલમને લઇને જુદા જુદા વલણ ઉપર રહ્યા છે. શ્રીનગર પહોંચેલા સિંહે કહ્યું હતું કે, ભાજપનો ચૂંટણી મુદ્દો વિકાસનો હતો. કલમ ૩૭૦નો ન હતો. તેમણે કહ્યું હતું કે, કલમનો ઉલ્લેખ યોગ્ય રીતે રજૂ કરવામાં આવ્યો નથી. બીજી બાજુ પીએમઓમાં રાજ્યપ્રધાન જીતેન્દ્રસિંહે પણ ચાર દિવસ પહેલા જમ્મુ કાશ્મીરમાં કહ્યું હતું કે, કલમ ૩૭૦ પર ભાજપ પોતાના જુના વલણ ઉપર મક્કમ છે.

ભાજપની યોજનાને લઇ ફારૂક અબ્દુલ્લા લાલઘૂમ

નવી દિલ્હી,તા. ૧૬

ત્રણ વખત જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી રહી ચુકેલા અને હાલમાં ખરાબ તબિયતને લઇને બ્રિટનમાં સારવાર લઇ રહેલા ફારુક અબ્દુલ્લાએ કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ને દૂર કરવાની ભાજપની યોજનાને લઇને તેઓ ચિંતિત છે. આનાથી વ્યાપક અંધાધૂંધી ફેલાઈ શકે છે. આશરે ચાર દશકમાં પ્રથમ વખત શાસક નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ૭૭ વર્ષીય ફારુક અબ્દુલ્લા સારવારને લઇને છેલ્લા ત્રણ મહિનાથી બ્રિટનમાં છે. કિડનીમાં તકલીફની સારવાર તેઓ કરાવી રહ્યા છે. ચાર દશકમાં પ્રથમ વખત ફારુક વિધાનસભાની ચૂંટણીમાં પોતાની પાર્ટીનું નેતૃત્વ કરી શકશે નહીં. એક મુલાકાતમાં ફારુકે કહ્યું છે કે, આ વખતે તેઓ ઘાયલ બેટ્સમેન તરીકે છે. તેઓ ફેબ્રુઆરી પહેલા પરત નહીં ફરે. નવેમ્બર અને ડિસેમ્બરમાં ચૂંટણી યોજાનાર છે પરંતુ તેઓ આગામી વર્ષે ફેબ્રુઆરીમાં પાછા ફરશે. કલમ ૩૭૦ને દૂર કરવાની ભાજપની હિલચાલથી તેઓ નાખુશ દેખાઈ રહ્યા છે અને ચિંતિત પણ છે. અબ્દુલ્લાનું કહેવું છે કે, ભાજપ તેના ઉદ્દેશ્યને હાંસલ કરવા કંઈ પણ કરી શકે છે. સંવેદનશીલ રાજ્યમાં ધ્રુવીકરણની સ્થિતિ સર્જાઈ શકે છે. દેશના અન્ય ભાગોમાં પણ તેઓએ આવું જ કર્યું છે.

ડાર્ક ચોકલેટ શરીર માટે ખુબ ઉપયોગી : અહેવાલમાં દાવો

ન્યુયોર્ક, તા.૧૬

તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસથી જાણવા મળ્યું છે કે ચોકલેટ એક્સરસાઈઝ કરતા પણ વધારે યોગ્ય છે. ચોકલેટ ખાવાથી વજન વધી જાય છે તેવા અગાઉના અહેવાલોમાં માહિતી આપવામાં આવ્યા બાદ ચોકલેટના ચાહકો ચોકલેટને લઈને હતાશ હતા પરંતુ હવે નવા અભ્યાસથી ચોકલેટના ચાહકોને રાહત થઈ છે. આમા જણાવવામાં આવ્યું છે કે ચોકલેટ ખાવાથી વજન વધી જતું નથી. નવા સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ડાર્ક ચોકલેટ ખાવાથી શરીરને એવો જ ફાયદો થાય છે જેવો ફાયદો કસરત કરવાથી થાય છે. એટલે કે ચોકલેટ પણ ફાયદાની બાબત છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મર્યાદિત માત્રામાં ડાર્ક ચોકલેટ ખાવાથી શરીર ઉપર હકારાત્મક અસર થાય છે. કસરતથી જે રીતે શરીરને ફાયદો થાય છે તેવો જ ફાયદો ડાર્ક ચોકલેટથી પણ થાય છે. આ શોધમાં જાણવા મળ્યું કે ઘણી બધી બાબતોને ધ્યાનમાં લઈને અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. શરીરમાં રહેલા સેલ માટે પાવર હાઉસ ગણાતા માઈટોકોન્ડ્રિયાને ધ્યાનમાં લઈને અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. જેમાં જાણવા મળ્યું કે માઈટોકોન્ડ્રિયાનું કામ એનર્જી ઉત્પન્ન કરવા માટેનું હોય છે. ચોકલેટમાં એક એવું ઘટક તત્વ ઈપિકેટેચીન હોય છે જે મસલ્સને સક્રિય રાખે છે.

અકાનેને હાર આપી સાયના નેહવાલે પ્રથમ વાર જીત્યો ચાઈના ઓપનનો તાજ

ફુઝુઓ,તા. ૧૬

ઓલિમ્પિકમાં કાંસ્ય ચંદ્ર જીતનાર સાયના નેહવાલ પ્રથમ વખત ચાઈના ઓપનનો તાજ જીતી જવામાં આજે સફળ રહી હતી. આજે ફાઈનલમાં સાઈનાએ તેની હરિફ ખેલાડીને હાર આપી હતી. સ્ટાર શટલર નહેવાલે ફાઈનલમાં જાપાનની અકાને યામાગુચી પર જીત મેળવી હતી. આજે રમાયેલી ફાઈનલમાં સાઈનાએ જાપાની ખેલાડી પર સીધા સેટોમાં ૨૧-૧૨, ૨૨-૨૦થી જીત મેળવી હતી. ૭૦૦૦૦૦ ડોલરની સુપર સિરીઝ પ્રિમિયર ટુર્નામેન્ટની ફાઈનલમાં સાયના નેહવાલે કૂચ કર્યા બાદ ભારતીય બેડમિંટન ચાહકોમાં પહેલાથી જ ઉત્સુકતા વધી ગઈ હતી. આ પ્રતિષ્ઠાજનક સ્પર્ધામાં સાયના નેહવાલ છઠ્ઠી વખત પહોંચી હતી. સેમીફાઈનલમાં અગાઉ સાયનાએ જોરદાર દેખાવ કરીને ચીનની વિશ્વની ૧૭મી ક્રમાંકિત ખેલાડી લીઉ ઉપર ૨૧-૧૭, ૨૧-૧૭થી જીત મેળવીને ફાઈનલમાં કૂચ કરી હતી.

આ મેચ હેક્સિયા ઓલિમ્પિક સ્પોર્ટ્સ સેન્ટર ખાતે ૪૭ મિનિટ સુધી ચાલી હતી. સાયના નેહવાલે શરૂઆતથી જ આક્રમક રમત રમીને પોતાની હરીફ ખેલાડી ઉપર લીડ મેળવી લીધી હતી. . અત્રે ઉલ્લેખનીય છે કે, સાયના નેહવાલ છેલ્લે ઓસ્ટ્રેલિયન સુપર સીરીઝમાં ફાઈનલમાં પહોંચી હતી જ્યાં તે સ્પેનની કેરોલિના મારિનને હાર આપીને ટાઈટલ જીતવામાં સફળ રહી હતી. સાયના નેહવાલે સૈયદ મોદી ઈન્ટરનેશલ ગ્રાન્ડ પીક્સ ગોલ્ડમાં પણ આ વર્ષની શરૂઆતમાં જીત મેળવી હતી. ચાઈના ઓપનમાં ફાઈનલમાં પહોંચ્યા બાદ લાખો ભારતીયો બેડમિંટન ચાહકોમાં ઉત્સુકતા પ્રવર્તી રહી હતી. બીજી બાજુ પુરૂષોની સિગલ્સ ફાઈનલમાં પહોંચીને શ્રીકાંતે ભારત માટે નવી આશા જગાવી છે. સેમીફાઈનલમાં શ્રીકાંતે જર્મનીના માર્ક જેબલર પર જીત મેળવી હતી.

કાશ્મીરના પાર્ટી ઇન્ચાર્જ માધવ

ખીણમાં પણ ભાજપ ઘણી સીટ જીતી જશે

જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણીમાં જોરદાર સપાટો બોલાવવા માટે ભાજપે તૈયારી શરૂ કરી છે. જમ્મુ કાશ્મીરના પાર્ટી ઇન્ચાર્જ રામ માધવે દાવો કર્યો છે કે ભાજપ જમ્મુ અને લડાખમાં જ નહી બલ્કે કાશ્મીર ખીણમાં પણ જોરદાર દેખાવ કરશે અને છથી વધારે સીટ જીતી શકે છે. ભાજપે અમીરા કાદલ, હબ્બાકાલ(શ્રીનગર) , બારામુલ્લામાં સોપોરે અને દક્ષિણ કાશ્મીરમાં અનંતનાગ અને ટ્રાલ બેઠકો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જોરદાર સપાટો પ્રચારમાં બોલાવનાર છે. મોદીની સાથે અન્ય ટોચના નેતા પણ રહી શકી છે. મોદીએ ગયા સપ્તાહમાં કાશ્મીરી નેતા સજ્જાદ લોન સાથે બેઠક કરી હતી. રાષ્ટ્રીય પ્રવાહમાં સામેલ થવા ઇચ્છુક તમામ અલગતાવાદીઓ માટે પણ મોદીએ દ્વાર ખુલ્લા રાખ્યા છે.

હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

મહિલાઓ માટે નાની-નાની વાતો ખૂબ મહ્ત્વ ધરાવતી હોય છે. જેમ કે, આપણાં ખાસ મિત્ર સાથે ફ્રેન્ડશીપની શરૂઆત ક્યારથી અને કઇ રીતે થઇ હતી. તમારા જીવનનો સૌથી વધુ મહત્ત્વનો દિવસ, વગરે. પરંતુ પુરૂષોની બાબતમાં એવું નથી. ઘણીવાર એવું બનતું હોય છે કે લગ્ન થઇ ગયાં બાદ આપણને સમજાતું હોય છે કે તમારો જીવનસાથી તમારા માટે પરફેક્ટ નથી. એ તો ઠીક, ઘણી મહિલાઓ તો પતિનો શારીરિક અને માનસિક અત્યાચાર સહન કરીને પણ રિલેશન નિભાવતી હોય છે. જો તમે પણ આવી જ મહિલાઓમાંથી એક હો તો આવા બોજારૂપ રિલેશન વિશે પુનઃ વિચાર કરવો જોઇએ.

ઘણાં દંપતીને વર્ષો બાદ સમજાતું હોય છે કે લગ્નમાં પહેલાં વર્ષથી જ તેઓ એકબીજા માટે બન્યાં જ નથી, પરંતુ સમાજનાં ડરથી તેઓ આ સંબંધ નિભાવતા આવ્યા છે. તમે પણ તેમનામાં એક ન બનતાં. આ ઉપરાંત, જે મિત્રને કારણે તમારા સુખી સંસારમાં વખ ઘોળાતું હોય તેવાં મિત્રોને પણ અલવિદા કહી દો. લોકો શું વિચારશે એ વિચારવાનું છોડી તમને જેનાથી ખુશી મળે તેવા કામ કરો, જો તમારા બાળકો તમારી સારાઇનો ગેરલા ઉઠાવતા હોય તો હવેથી તેમને તેવું ન કરવા દો, તમને સાચું અને સારું શું છે તે સમજાવો.

પીએસયુ બેંકોના વડાઓ સાથે ૨૦મીએ બેઠક થશે

નવીદિલ્હી, તા. ૧૬

નાંણા મંત્રાલય દ્વારા ૨૦મી નવેમ્બરના દિવસે પબ્લિક સેક્ટરના બેંકોના વડાઓની એક મહત્વપૂર્ણ બેઠક બોલાવવામાં આવી છે. જેમાં જુદા જુદા પાસા પર ચર્ચા કરવામાં આવનાર છે. નાણાં મંત્રાલય દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં તેમના ફાયન્સિયલ પરફોર્મન્સ અને જન ધન યોજના સહિતની યોજનાની સમીક્ષા કરવામાં આવનાર છે. નાબાર્ડ અને એનએચબી જેવી નાણાંકીય સંસ્થાઓના મુખ્ય કારોબારીઓ પણ હાજર રહેનાર છે.

નાણાં પ્રધાન અરૂણ જેટલી પણ બેઠકમાં હાજરી આપી શકે છે. જો જેટલી હાજરી આપશે નહી તો ફાયનાન્સિયલ સર્વિસ વિભાગના સેક્રેટરી હસમુખ અઢિયા સમીક્ષા બેઠકનુ નેતૃત્વ કરશે. સુત્રોએ કહ્યું છે કે બીજા ત્રિમાસિક ગાળાના અંતે નાણાંકીય દેખાવ પર બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. બેઠકમાં પ્રધાનમંત્રી જન ધન યોજનાની પ્રગતિના મહત્વના મુદ્દા પર વાતચીત કરવામાં આવશે. ઉપરાંત એસેટ ક્વાલિટી અને બેડ લોન લિક્વરીના મુદ્દા પણ ચર્ચાશે. બેઠકમાં અન્ય વિવિધ મુદ્દા પર વાતચીત કરવામાં આવનાર છે જેમાં કૃષિ સેક્ટરને લોન, એસએસએમઈ, હાઉસિંગ અને શૈક્ષણિક લોનની બાબતનો સમાવેશ થાય છે. અન્ય અટવાઈ પડેલા પ્રોજેક્ટનાં મુદ્દા પર વાતચીત કરવામાં આવનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૮મી ઓગષ્ટના દિવસે જન ધન યોજના લોંચ કરી હતી. હજુ સુધી આ સ્કીમ હેઠળ સાત કરોડ બેંક ખાતા ખોલી દેવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી જન ધન યોજના હેટળ કરોડો ખાતા ખોલી દેવામાં આવ્યા હતા. આ યોજના હેઠળ ગ્રામીણમાં ૪.૨૯ કરોડ અને શહેરી વિસ્તારમાં ૨.૯૫ કરોડ ખાતા ખોલવામાં આવ્યા હતા. ૩.૯૭ કરોડ ખાતાના કેસમાં રૂપિયા કાર્ડ જારી કરવામાં આવ્યા હતા.

ગોવાથી અબુધાબી માટે જેટની ફ્લાઈટ શરૂ થઈ

પણજી, તા. ૧૬

ખાનગી કેરિયર જેટ એરવેઝએ અબુધાબીથી ગોવાની સીધી ફ્લાઈટ શરૂ કરી દીધી છે જેથી ગોવાથી મુસાફરી કરનાર લોકોને વધારે વિકલ્પો મળશે. ગોવાથી અબુધાબીને સીધીરીતે જોડી શકાશે. યુરોપ, ઉત્તર અમેરિકા, આફ્રિકા, મધ્યપૂર્વ અને અખાતના દેશોમાં આંતરરાષ્ટ્રીય સ્થળોને જોડવામાં આવનાર છે. કંપની દ્વારા જારી કરવામાં આવેલા એક સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, ગોવા એક મહત્વપૂર્ણ પ્રવાસી સ્થળ થરીકે છે અને દેશમાં હાઈએસ્ટ જીડીપી પ્રતિવ્યક્તિ ધરાવનાર વિસ્તાર પૈકી એક છે. મહેમાનો હવે અબુધાબીથી સીધીરીતે તેમના વતનમાં પરત ફરી શકશે.

શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

તુષાર તેનો સહર્ષ સ્વીકાર કરી વિમુને લાલજી કાંચળિયાનો - એમના જમાનાના બ્યુટી ક્વીનનો રોલ કરવાની ઓફર કરે છે. મૂળ વાર્તામાં વિમુ પતિની ઓફર સાંભળી અવાચક જ રહી જાય છે. ત્યારે નાટ્યકાર વિમુના મુખે કહેવડાવે છે કે 'ઓફર તો ભારે ચેલેન્જિંગ છે. પણ હું એટલો સુંદર સ્ત્રીરોલ કરી શકીશ ખરી?' ત્યારે તૈયાર છે. તારે તો મારી જ નાયિકાના રોલ કરવાનો છે ને! જાગીરદારનો પાઠ હું કરીશ ને પડદો પડે છે. આમ નાટકના અંતે તુષારમાંથી જસંગ જાગીરદારનું પ્રાકટ્ય સમગ્ર નાટકને એક નવી જ ભૂમિકાએ લઇ જાય છે. જૂની ગુજરાતી રંગભૂમિમાં સ્ત્રી પાત્રો ભજવનાર નટોના દાંપત્યજીવનમાં કેવા ઝંઝાવાતો સર્જાતા હશે, તેમની પત્નીઓનાં માનસમાં કેવાં કેવાં બિહામણાં દંશ્યો ઊભાં થતાં હશે તેના તરફ અંગુલિનિર્દેશ કરતું ને માનવમનમાં સુક્ષ્મ તાણાવાણાને ઉજાગર કરતું આવું સુરેખ નાટક આપવા બદલ ડૉ. કેશુભાઇ દેસાઇ અભિનંદનના અધિકારી છે. અમૃતભાઇ ચૌધરીના 'ડિવાઇન પબ્લિકેશન' દ્વારા તેનું સુંદર પ્રકાશન થયું છે. નાટકના અંતે મુળ વાર્તા પણ મુકી આપવામાં આવી છે તે આ પુસ્તકનું જમા પાસું છે.'

વરિષ્ઠ સાહિત્યકાર ડૉ. કેશુભાઇ દેસાઇની ઓળખ વાર્તાકાર-નવલકથાકાર તરીકે પ્રસ્થાપિત થયેલી જ છે પણ હવે તેઓ 'ભ્રમરગતિ'નામે એક લાંબુ નાટક લખી રહ્યા છે. ત્યારે નાટ્યકાર તરીકે આ દ્વિઅંકી નાટકથી જ તેમને પોતાની નાટ્ય પ્રતિભાનો પરિચય આપી દીધો છે. 'પટકથા'ને આવકારી તેમને અભિનંદન પાઠવું છું.

પટકથા (દ્વિઅંકી નાટક)
લેખક - કેશુભાઇ દેસાઇ
પ્રકાશન - ડિવાઇન પબ્લિકેશન, ૩૦, બીજે માળ, કૃષ્ણ કોમ્પલેક્ષ, જૂનું મોડલ સિનેમા, ગાંધી રોડ, અમદાવાદ-૨
કિંમત રૂા. ૫૦/-, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪